‘સન્ડે મહેફીલ’-32 તા. 15–Jan.–2006

# ‘ભારેલા અગ્નીના તણખા’

--રસાસ્વાદઃ યશવંત મહેતા

પ્રા. જે.પી. મહેતાનું વતન મહુવા(સૌરાષ્ટ્ર). તેઓ એમ.એ. (ગુજરાતી) થઈ પ્રાધ્યાપક બન્યા. મુંબઈ અને મહુવામાં અધ્યાપન કરી નીવૃત્ત થયા. દરમીયાન વાચન-વીચારને પ્રતાપે રૅશનલ(વીવેકબુદ્ધીવાદી)બન્યા. ઘણાં વર્ષોથી હવે વૈજ્ઞાનીક વીચારસરણીનો પ્રચાર કરે છે. અગાઉ ગૌતમ બુદ્ધ, ચાર્વાક, કબીર, એન.એમ. રૉય, રાહુલ સાંકૃત્યાયન આદી મનીષીઓએ જે કામ કર્યું તેને પ્રા. મહેતા આગળ વધારી રહ્યા છે.

આજકાલ આપણી આસપાસ ધર્માંધતા, ધર્મને નામે દુર્વ્યય, તોડફોડ, ઈર્ષ્યા-અલગાવ, ધીક્કાર અને ભયાનક ઘોંઘાટ વધી ગયાં છે. ધર્મને બહાને કત્લેઆમ ચાલે છે. ધર્મને નામે પુરોહીત વર્ગ તાગડધીન્ના કરે છે, એશઆરામ કરે છે, ભોગવીલાસ કરે છે. ધર્મ આમજનતાને કશું જ આપ્યા વગર એની આસ્થા, એનો સમય, એનું ધન અને ક્યારેક તો એની અસ્મત લુંટે છે. પ્રા. જે.પી.મહેતા માને છે કે આ સર્વગ્રાહી લુંટથી બચવું હોય તો વીવેકબુદ્ધીથી વર્તવું રહ્યું.

હમણાં પ્રા.મહેતાની એક નાનકડી પુસ્તીકા મળી. એ છે ‘રૅશનલ દુહાવલી’ અથવા ‘ભારેલા અગ્નીના તણખા’. આમાં એમણે ધાર્મીક અંધશ્રદ્ધા છોડીને વીચારશીલતા અને સ્વવીવેક દાખવવાનો અનુરોધ કરતા ૨૧૩ દુહા તેમ જ કેટલીક અન્ય સામગ્રી પ્રગટ કરી છે. નવું વર્ષ નવી પ્રતીજ્ઞા લેવાનું, નવાં કાર્યો શરુ કરવાનું, નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું ટાણું ગણાય છે. નવું વર્ષ શરુ થયું છે ત્યારે આ દુહાવલીમાંથી કેટલાક દુહા વાંચીએ. એકદમ જુદા પ્રકારનું આ વાચન બનશેઃ

| | |
|---|---|
| સંપ્રદાયના વાદથી રોજ વીતંડા થાય,<br>લડી લડી ધર્માંધ સૌ અંત પાળીયા થાય. | ધ્યાન, સમાધી, ધુણવું, મનોરોગ-નીશાન,<br>ડૉક્ટર પાસે જઈ કરો તેનું સત્ય નીદાન. |
| માનવતાને માનવી માને જીવનસાર,<br>નીર્દંભી નીશ્ચીંત થઈ કરશે બેડો પાર. | ચરણ કોઈના કમળ નથી, બધે ટાંટીયે ધુળ,<br>લાંબા થઈ દંડવત્ કરી કદી ન કરશો ભુલ. |
| આત્મા ને પરમાત્મા કેવળ મનોતરંગ,<br>કોઈએ જોયો-જાણ્યો ના તેનો એકેય રંગ. | પ્રેમ હોય તો ભેટજો, માન આપવા નમન,<br>ગંદા ઝાલી ટાંટીયા કદી ન જાશો શરણ. |
| તું ઘેટું તો છે નહીં, કોઈને ના અનુસર,<br>તારી વીવેકબુદ્ધી કહે, તેવું તું આચર. | શંકાની ગુરુ-ચાવીથી, ખુલે સત્ય-તાળાં,<br>પ્રશ્ન કરે તેને બધા મળશે સરવાળા. |
| કરોડ-કીમતી મગજને કોઈને ચરણે ન ધર,<br>વૈજ્ઞાનીક વીચારથી તું જ નીર્ણય કર. | ગલીએ ગલીએ મંદીરો, ભગવાનની દુકાન,<br>ધર્મ બન્યો ધંધો હવે, જાગ જાગ ઈન્સાન. |
| યજ્ઞ કર્યે વરસાદ હો તો કર ભર ઉનાળે,<br>એકે ટીપું વાદળું નહીં તને પલાળે. | દોરા-ધાગા, હવન-જપ, કરે ન કોઈ ગોરા,<br>તોયે સ્વર્ગસુખ માણતા, વીચાર તું ભોળા! |

PDF created with pdfFactory trial version www.pdffactory.com

| | |
|---|---|
| જોશીડા જો ભાવીને જાણી શકતા હોત,<br>કદીય તેના કુટુંબમાં અકસ્માત ન હોત. | માળા તો કરમાં ફરે, જીભમાં બડબડ ગાળ,<br>ઘરે ઘરે આ ડોશીઓ અભીશાપરુપ ભાળ. |
| નંગ-વીંટીથી ફાયદો તને કદી નહીં થાય,<br>સોનીડો લુંટી તને ઘી ને કેળાં ખાય. | મંદીર કેરે ઓટલે ગામ તણી પંચાત,<br>નવરાં, નીવૃત્ત ડોસલાં, ઢોંગી કેરી જાત. |
| એકે બાવા-બાપુએ કરી નથી કંઈ શોધ,<br>પાડે પસીનો પ્રયોગમાં, વીજ્ઞાનવીરને ખોજ. | પોથીમાંનાં રીંગણાં પંડીતથી જ ખવાય,<br>ચીજવસ્તુ હરામની તેને ઘેર ભરાય. |
| રાત-રાત ભર જાગીને ભજન કર્યે નહીં સાર,<br>દીવસ દીવસ ભર કર્મથી કુટુંબ-દેશને તાર. | બાવાની પગચંપીમાં બધી સેવીકા હોય,<br>અંધારે એ શું કરે, પુછજો કદીક કોઈ. |
| કોઈ કહે તે માન ના, વીવેકબુદ્ધી વીચાર,<br>સ્વનીર્ભર બન, તો જ તું પામીશ જીવનસાર. | લસલસતા ઘી-લાડુથી પાડા સમ અલમસ્ત,<br>બાવાથી બીએ બધો યુવતીસમુહ સમસ્ત. |
| સુર્યમંત્રના જપ તજી, સુર્યકુકર અપનાવ,<br>સુર્યપુજાનો માર્ગ એ સત્ય, સમજ, સમજાવ. | 'પથ્થર પુજે હરી મીલે, તો મૈં પુજું પહાડ'<br>પથ્થર છે ઈશ્વર અગર, તો કેમ મંદીરે ધાડ? |
| કથાકારના ટાંટીયા કેમ પુજો, હે મુઢ!<br>તેના જીવનભેદ તો ઘણા ગુપ્ત ને ગુઢ. | સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વીવેક;<br>સાદું, કર્મઠ જીવન જીવ, કર ન કદી અતીરેક. |
| બાળકની નીર્દોષતા જીવનમાં અપનાવ,<br>છળ-કપટો-ઈર્ષા-અહંના છોડી દે દાવ. | તારા જીવનની પળો તું જ ઘડી લે, ભાઈ,<br>પરાવલંબી બન નહીં, તુજ તાકાત સવાઈ. |
| સંસારીને વખોડીને સંસારીનું જ ખાય,<br>આવા બાવા-બાપુથી ઢોંગી સમાજ થાય. | વીવેકબુદ્ધી શ્રેષ્ઠ છે, વીજ્ઞાનવાતો સત્ય,<br>ધર્મો તણી ભવાઈમાં, ભારોભાર અસત્ય. |

'રેશનલ દુહાવલીઃ ભારેલા અગ્નીના તણખા'--પ્રા. જે. પી. મહેતા, બી/૪-રાધીકા એપાર્ટ., ગાંધીબાગ રોડ, મહુવા-૩૬૪ ૨૯૦-સૌરાષ્ટ્ર-ભારત; મુલ્ય : રુપીયા ૧૦, ઉંઝાજોડણી (એક જ 'ઈ-ઉ')માં પ્રગટ થયેલું પ્રકાશન..

છેક ૧૯૯૯થી 'ઉંઝાજોડણી'માં એકધારી રીતે પ્રકાશીત થતા ક્રાંતીકારી અને લોકપ્રીય પાક્ષીક 'નયામાર્ગ'ના, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૦૫ના અંકના પાનઃ૧૭નું, 'ઉંઝાજોડણી'માં અને 'ગુર્જરી-કલાપી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન... uttamgajjar@hotmail.com

દેશ-વીદેશમાં અનેકોને કલાપી ગ્રુપના આ ફોન્ટ ગમ્યા. તેમણે મંગાવ્યા ને મેં મોકલ્યા. ઈન્સ્ટોલ કરવા અને વાપરવા સરળ હોવાથી તેઓ તરફથી ગુજરાતીમાં લખાયેલી મેઈલ મેળવતાં કોને આનંદ ન થાય!સૌનો ખુબ આભાર. ગુજરાતી જણ ગુજરાતીમાં લખતો થાય તેવી તમન્ના છે. પછી તે મનપસંદ ગમે તે ફોન્ટમાં લખે..તમને પણ મન થાય તો મફત મળતાં આ ફોન્ટ મંગાવજો...લખોઃ uttamgajjar@hotmail.com

**Jan.15,2006 -SURAT-**

PDF created with pdfFactory trial version www.pdffactory.com